
**સાવધાન !** આણંદ, ખેડા અને મહિસાગરમાં 'અખાત્રીજ' પર બાળલગ્ન કરાવશો તો જેલભેગા થશો

# આણંદ-ખેડા જિલ્લામાં એક વર્ષમાં 18 બાળલગ્ન અટકાવવામાં આવ્યાં

**આયોજકોએ** લગ્નગ્રંથિથી જોડાનારની જન્મ તારીખના દાખલાની ખરાઇ કરાવવી પડશે



(પ્રતિનિધિ) આણંદ તા.18


ચરોતરમાં લગ્નસરાની મોસમ જામી છે, ત્યારે અખાત્રીજના પવિત્ર દિવસે થતા સંભવિત બાળલગ્નોને ડામવા આણંદ - ખેડા જિલ્લા તંત્ર એક્શન મોડમાં આવ્યું છે. તંત્ર દ્વારા ગત વર્ષે 18 બાળલગ્ન અટકાવવામાં આવ્યા છે. જેમાં ખેડા જિલ્લામાં 13 અને આણંદ જિલ્લામાં 5નો સમાવેશ થાય છે. હવે જો કોઈ બાળલગ્ન કરાવતા પકડાશે તો માત્ર માતા-પિતા જ નહીં, પણ રસોઇયાથી લઈ ગોરમહારાજ અને બેન્ડવાજાવાળા સુધીના તમામ સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ અંગે સમાજ સુરક્ષા વિભાગના જણાવ્યાનુસાર, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ-2006 મુજબ, 21 વર્ષથી નીચેનો યુવક અને 18 વર્ષથી નીચેની યુવતીના લગ્ન કરવા કે કરાવવા તે ગંભીર અને બિનજામીનપાત્ર ગુનો છે. આ ગુનો સાબિત થયેથી જવાબદારોને 2 વર્ષની સખત જેલ અને રૂ. 1 લાખ સુધીના દંડની સજા થઈ શકે છે. સમૂહ લગ્નના આયોજકો, માતા-પિતા કે લગ્ન કરાવનાર કોઈપણ વ્યક્તિ જો આમાં મદદગારી કરતા ઝડપાશે, તો તેમની ધરપકડ પણ થઈ શકે છે.

આણંદ જિલ્લા બાળલગ્ન પ્રતિબંધક અધિકારી મયંક ત્રિવેદીના જણાવ્યા અનુસાર, અખાત્રીજના દિવસે બાળલગ્નો રોકવા માટે ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરાયો છે. આ ઉપરાંત, અધિકારીઓની બે વિશેષ ટીમો જિલ્લાના વિવિધ વિસ્તારોમાં સીધું નિરીક્ષણ કરશે. હવેથી લગ્નના આયોજકોએ લગ્નગ્રંથિથી જોડાનાર વર-કન્યાના જન્મ તારીખના દાખલાની ફરજિયાત ખરાઈ કરવી પડશે.

# ચરોતરમાં અખાત્રીજના વણજોયા મુહૂર્તનો ક્રેઝ, 150થી વધુ લગ્ન થશે

**ભૂદેવો** સહિત વેડિંગ માર્કેટ માટે સાબિત 'ગોલ્ડન ડે' થશે



(પ્રતિનિધિ) આણંદ તા.18

સમગ્ર ચરોતરમાં 19મી એપ્રિલે અખાત્રીજનું પર્વ માત્ર ધાર્મિક આસ્થા પૂરતું મર્યાદિત નહીં રહેતા, 'વેડિંગ ઈન્ડસ્ટ્રીના સુપર બિઝનેસ ડે' તરીકે ઉભરી આવશે. આ દિવસે આણંદ અને ખેડા જિલ્લામાં અંદાજે 150થી વધુ લગ્નોના આયોજન સાથે વેડિંગ માર્કેટમાં લાખો રૂપિયાના ટર્નઓવરની શક્યતા છે. આમ, હોલથી લઈને હારતોરા સુધીના તમામ વેપારીઓ માટે આ દિવસ આર્થિક રીતે અત્યંત લાભદાયી બની રહેશે.

અખાત્રીજનું મુહૂર્ત 'સ્વયંસિદ્ધ' હોવાથી લોકો કોઈ પણ જાતની આનાકાની વગર આ દિવસે માંગલિક કાર્યો કરવાનું પસંદ કરે છે. આ ટ્રેન્ડને કારણે કેટરિંગ, ડેકોરેશન, લાઈટિંગ અને હોલના વ્યવસાયમાં ભારે તેજી જોવા મળી રહી છે.

આ અંગે વેપારીઓના જણાવ્યા મુજબ, આણંદ-નડિયાદ સહિતના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં એક જ દિવસે અનેક ઓર્ડર હોવાથી કેટરિંગ વ્યવસાયમાં અત્યારથી જ હાઉસફુલ જેવો માહોલ છે. એક ભૂદેવ 4-5 જગ્યાએ પૂજા કરાવશે માત્ર લગ્નો જ નહીં, પણ નવી મિલકતની ખરીદી, વાસ્તુ પૂજન અને નવા વાહનોની ડિલિવરી માટે પણ લોકોમાં ભારે ઉત્સાહ છે.

આ પવિત્ર દિવસે પૂજા-વિધિ કરાવવા માટે ભૂદેવોની ભારે ખેંચ વર્તાઈ રહી છે. પરિસ્થિતિ એવી છે કે ચરોતરના જાણીતા ભૂદેવોએ એક જ દિવસમાં અલગ-અલગ 4થી 5 સ્થળોએ પૂજા સંપન્ન કરાવવા માટે દોડધામ કરવી પડશે.

# પંડોળીમાં આંકડાનો જુગાર રમાડતા 2 શખસ ઝડપાયા

**પોલીસે દરોડો** પાડી 15,670ની રોકડ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ લોકલ ક્રાઈમ બ્રાન્ચે પેટલાદ તાલુકાના પંડોળી ગામે ચાલતી જુગારની અસામાજિક પ્રવૃત્તિ પર ત્રાટકીને બે ઈસમોને રોકડ રકમ અને વરલી મટકાના સાહિત્ય સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અનુસંધાને પેટ્રોલિંગ કરી રહેલી આણંદ એલ.સી.બી.ની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, પંડોળી ગામે ઈન્દિરા આવાસની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં ઝાડ નીચે કેટલાક ઈસમો વરલી મટકાના આંક ફરકનો જુગાર રમી-રમાડી રહ્યા છે.

આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક દરોડો પાડતા જુગાર રમતા અને લખતા રફીકભાઈ અહેમદભાઈ વ્હોરા અને વિનુભાઈ બબુભાઈ સોલંકી (બંને રહે. પંડોળી, તા. પેટલાદ) ને દબોચી લીધા હતા. પોલીસે ઘટનાસ્થળેથી રૂ. 15,670ની રોકડ, સ્લીપ બુક, પેન, કાર્બન પેપર અને આંકડા લખેલી ચિઠ્ઠીઓ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે પકડાયેલ બંને શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. આણંદ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ગ્રામ્ય વિસ્તારમાં વરલી મટકાંના આંકડા અને પત્તા પાનાના જુગારની બદી વધી રહી છે, જેની સામે કડક કાર્યવાહીની માંગ ઉઠી છે.

કરોડોની ગ્રાન્ટ કાગળ પર બતાવી ચાઉં કરી જવાનો ગ્રામજનોનો આક્ષેપ

# સંતરામપુર : ગોઠીબમાં વિકાસના અભાવે ચૂંટણી બહિષ્કારનો સૂર

**મુખ્યમંત્રીના** આગમન પૂર્વે ભ્રષ્ટાચાર સામે તટસ્થ તપાસની માંગ



(પ્રતિનિધિ) સંતરામપુર તા.18

સંતરામપુર તાલુકા હેઠળ આવતી ગોઠીબ જિલ્લા પંચાયત સીટના ગ્રામજનોએ વિકાસના મુદ્દે આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. ગ્રામજનોનો ગંભીર આક્ષેપ છે કે સરકાર દ્વારા ફાળવવામાં આવેલી કરોડોની ગ્રાન્ટમાં ભ્રષ્ટાચાર આચરીને વિકાસના કામો કાગળ પર જ દર્શાવવામાં આવ્યા છે.

ગોઠીબ ગામ વિસ્તારના લોકોમાં હાલ તંત્ર અને સ્થાનિક પ્રતિનિધિઓ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ એકસૂરે માંગ કરી છે કે, વિકાસ નહીં તો વોટ નહીં. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, ગોઠીબ જિલ્લા પંચાયત સીટ માટે સરકાર દ્વારા આપવામાં આવેલી કરોડોની ગ્રાન્ટનો કોઈ જ સદુપયોગ થયો નથી અને વિકાસ જાણે 'ઘર ભેગો' કરી દેવામાં આવ્યો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

આ અંગે ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે, મિલીભગત કરીને સરકારી નાણાંની ઉચાપત કરવામાં આવી છે. સ્થળ પર કોઈ પણ પ્રકારનું કામ કર્યા વગર જ ખોટા ફોટા ઓનલાઈન અપલોડ કરી જનતાના પૈસા ચાઉં કરી જવામાં આવ્યા હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. અનેક સરકારી યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચવાને બદલે માત્ર કાગળો પર જ સિમિત રહ્યો છે. આ વિરોધ પ્રદર્શન એવા સમયે તેજ બન્યું છે જ્યારે આગામી સોમવારે રાજ્યના મુખ્યમંત્રી ચૂંટણી પ્રચાર માટે સંતરામપુર આવવાના છે. મુખ્યમંત્રીના આગમન પૂર્વે જ ગ્રામજનોએ પોતાનો આક્રોશ વ્યક્ત કરતા સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી દોષિતો સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# ઉમરેઠની ચૂંટણીમાં ફરજ પરના કર્મીએ મતદાન કર્યું

**ઓડમાં** કર્મીઓએ મતના અધિકારનો ઉપયોગ કર્યો



(પ્રતિનિધિ) આણંદ તા.18

ઉમરેઠની વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ચૂંટણી પ્રક્રિયામાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ પોતાના મતાધિકારથી વંચિત ન રહી જાય તે હેતુથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતુ.

ઉમરેઠ વિધાનસભા બેઠકની પેટા ચૂંટણીમાં ફરજ બજાવતા કુલ 212 જેટલા અધિકારીઓ અને કર્મચારીઓ માટે મતદાનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મતદાન પ્રક્રિયા ઓડ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે નિર્ધારિત કરવામાં આવી છે.

આ પ્રક્રિયાના પ્રથમ દિવસે કુલ 41 અધિકારી-કર્મચારીઓએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. જેમાં 11 મહિલા અને 30 પુરુષ મતદારોએ પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યેની પોતાની નૈતિક ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી હતી.

આમ, ચૂંટણી તંત્ર દ્વારા સુવ્યવસ્થિત આયોજન કરી તમામ કર્મયોગીઓને લોકશાહીના આ પર્વમાં સહભાગી બનાવવામાં આવ્યા છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ફાયર સેફ્ટી ટ્રેનિંગનું આયોજન કરાયું



**આણંદ |** નેશનલ ફાયર સર્વિસ ડે અંતર્ગત કરમસદ આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ દ્વારા આણંદની ઝાયડસ હોસ્પિટલમાં ફાયર અવેરનેશ ટ્રેનિંગ યોજાઈ હતી. ફાયર ઓફિસર ધર્મેશ ગોર અને તેમની ટીમ દ્વારા હોસ્પિટલના 70 જેટલા સ્ટાફને આગ બુઝાવવાની પ્રાથમિક પદ્ધતિઓ અને ફાયર બ્રિગેડની કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ તાલીમ દરમિયાન હોસ્પિટલમાં કાર્યરત ફિક્સ ફાયર સિસ્ટમ તેમજ ઈમરજન્સી રેસ્ક્યુ વિહિકલના હાઈડ્રોલિક ઈક્વિપમેન્ટના ઉપયોગનું પ્રાયોગિક નિદર્શન કરવામાં આવ્યું હતું. ફાયર સેફ્ટી અંગે જાગૃતતા ફેલાવવાના હેતુથી ફાયર બ્રિગેડ દ્વારા કામગીરી કરવામાં આવી છે.

### પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલમાં વિશ્વવિખ્યાત ડાન્સર કીરન લાઈનું ધમાકેદાર પર્ફોર્મન્સ



**કપડવંજ |** 'બ્રિટન્સ ગોટ ટેલેન્ટ'ના ફાઇનલિસ્ટ અને પ્રખ્યાત ફ્રીસ્ટાઇલ ડાન્સર કીરન લાઈએ આણંદની પોદાર ઇન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓને પોતાના અદભૂત પર્ફોર્મન્સથી મંત્રમુગ્ધ કર્યાં હતાં. એપ્રિલ 2026માં ગુજરાતની 11 શાળાની મુલાકાતના ભાગરૂપે આયોજિત આ કાર્યક્રમમાં કીરને વિદ્યાર્થીઓ માટે ઇન્ટરેક્ટિવ વર્કશોપનું પણ આયોજન કર્યું હતું. આ વર્કશોપ દ્વારા વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય કલાકાર પાસેથી સીધા ડાન્સ સ્ટેપ્સ શીખીને આત્મવિશ્વાસ અને સર્જનાત્મકતા કેળવવાની પ્રેરણા મેળવી હતી. ડાયરેક્ટર હર્ષ પોદારે જણાવ્યું હતું કે, આવા આયોજનો વિદ્યાર્થીઓમાં ક્લાસરૂમની બહાર પણ કલા-કૌશલ્ય અને આત્મ-અભિવ્યક્તિ વિકસાવવામાં મદદરૂપ થાય છે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
ગતિવિધિ
આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ખેડાની દીકરી ડો.વિરાજ મુન્શા દ્વારા 16 શાળાઓમાં 15,000 ચોપડાનું દાન કરાયું



**કપડવંજ |** ખેડાની દિકરી ડો. વિરાજબેન મુન્શાએ જૂન 2026ના નવા શૈક્ષણિક સત્ર માટે કપડવંજ અને ઠાસરા તાલુકાની 16 પ્રાથમિક શાળામાં રૂ.10 લાખની કિંમતના 15 હજાર ચોપડાઓ અર્પણ કર્યા છે. છેલ્લા આઠ વર્ષથી અવિરત ચાલતા આ શિક્ષણ યજ્ઞ હેઠળ તેમણે અત્યાર સુધી ખેડા જિલ્લાની શાળાઓને કુલ અંદાજે રૂ. 90 લાખનું માતબર દાન આપ્યું છે. આ દાનનો લાભ ભાઈલાકૂઈ, વાઘજીપુર, ઉબા અને ઢૂંડી જેવી વિવિધ ગ્રામ્ય વિસ્તારની શાળાઓના જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સીધો પ્રાપ્ત થશે. ડો. મુન્શાની આ પ્રશંસનીય કામગીરીની સમગ્ર જિલ્લામાં નોંધ લેવાઈ રહી છે.

### કપડવંજમાં રઘુનાથજી મંદિરનો ત્રિદિવસીય પાટોત્સવમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે



**કપડવંજ |** કપડવંજમાં મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ પંચ અને મહિલા સમાજ દ્વારા આગામી 21મીથી 23મી એપ્રિલ દરમિયાન રઘુનાથજી મંદિરનો ભવ્ય પાટોત્સવ યોજાશે. આ મહોત્સવમાં આદ્ય શંકરાચાર્ય જયંતિ નિમિત્તે ગુરૂપુજન, વિષ્ણુ સહસ્ત્ર અર્ચન, રામધૂન, પ્રભાત ફેરી અને સ્નપન અભિષેક જેવા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સ્વ. વાડીલાલ ગણપતરાય ભટ્ટ પરિવાર (ભદ્રેશભાઈ ભટ્ટ) યજમાન પદે સેવા આપશે. આ મહોત્સવના અંતિમ દિવસે યજ્ઞની પૂર્ણાહુતિ બાદ તમામ ભક્તો માટે મહાપ્રસાદીનું પણ આયોજન રાખેલ છે.

### આતરસુંબામાં પ્રથમ અશ્વ શોમાં રાજ્યભરમાંથી 85થી વધુ અશ્વોએ ધૂમ મચાવી



**કપડવંજ |** કપડવંજના આતરસુંબા ગામે કેટરીના હોર્સ દ્વારા પ્રથમ અશ્વ એક્શન કોમ્પિટિશનનું શાનદાર આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતભરમાંથી 85થી વધુ ચેમ્પિયન અશ્વોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિજેતા થનાર અશ્વોને પ્રથમ ઇનામ રૂ. 21 હજાર સહિત અન્ય રોકડ પુરસ્કારો આપી સન્માનિત કરાયા હતા. આતરસુંબાના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખના હસ્તે વિજેતાઓને ઇનામો એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અનિકભાઈ અયુબભાઈ સિંધી અને તેમની ટીમ દ્વારા આયોજિત આ પ્રથમ અશ્વ શો અને રેસનું આયોજન ખૂબ જ સફળ રહ્યું હતું.

### વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીમાં 'બુક ટોક ક્લબ'નો પ્રારંભ



**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી ખાતે 'વાંચે ગુજરાત 2.0' ના ભાવને સાકાર કરવા અને વિદ્યાર્થીઓમાં વિચારશીલતા વિકસાવવા 'બુક ટોક ક્લબ'નું ભવ્ય ઉદઘાટન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો. નિરંજન પટેલ અને સાહિત્યકાર પ્રો. મણિલાલ એચ. પટેલે વાંચનને વ્યક્તિત્વ વિકાસ અને આંતરિક પરિવર્તન માટેનું અનિવાર્ય માધ્યમ ગણાવ્યું હતું. ક્લબના કો-ઓર્ડિનેટર પ્રો. અલ્કા મેકવાન અને સ્થાપક હર્ષભાઈ બારોટે વાંચન દ્વારા સંવેદનશીલ સમાજ અને જ્ઞાનના પ્રસાર પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમના અંતે યોજાયેલા 'અનુભૂતિ સત્ર'માં વિદ્યાર્થીઓએ વિવિધ સાહિત્યિક રચનાઓનું વાચન કરી પોતાની અભિવ્યક્તિ રજૂ કરી હતી.

### લુણાવાડાની ઐતિહાસિક એસ. કે. હાઈસ્કૂલ દ્વારા ભવ્ય મતદાન જાગૃતિ રેલીનું આયોજન કરાયું



**લુણાવાડા |** લુણાવાડા કેળવણી મંડળ સંચાલિત 148 વર્ષ જૂની એસ. કે. હાઈસ્કૂલના એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે નાગરિકોમાં જાગૃતિ લાવવા વિશાળ રેલી યોજાઈ હતી. આ રેલીમાં વિદ્યાર્થીઓએ પ્લેકાર્ડ્સ અને બેનરો સાથે શહેરના મુખ્ય માર્ગો પર ફરીને લોકોને લોકશાહીના પર્વમાં જોડાઈ અચૂક મતદાન કરવા અપીલ કરી હતી. શાળાના આચાર્ય ડી. વી. પટેલે જણાવ્યું હતું કે મજબૂત લોકશાહી માટે દરેક નાગરિકનો મત કિંમતી છે, જે ઉમદા હેતુથી આ અભિયાનનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં સુપરવાઇઝર ડી. આર. પટેલ સહિત શાળાના તમામ શિક્ષકો અને સ્ટાફ પરિવારે જોડાઈને આ મતદાન જાગૃતિ અભિયાનને સફળ બનાવ્યું હતું.

### મહીસાગર રાજપૂત સમાજના ઉત્કર્ષ માટે લુણાવાડા રાજમહેલ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાઈ



**લુણાવાડા |** મહારાણા સિદ્ધરાજસિંહજીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં શિક્ષણ, રોજગાર અને સામાજિક કલ્યાણના વિવિધ મુદ્દાઓ પર ગહન ચર્ચા કરવામાં આવી હતી. યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે માર્ગદર્શન આપવા અને કૌશલ્ય આધારિત શિક્ષણ દ્વારા રોજગારક્ષમ બનાવવા માટે મહત્વનો નિર્ણય લેવાયો હતો. મહિલાઓને આત્મનિર્ભર બનાવવા અને જરૂરિયાતમંદ વર્ગ માટે કલ્યાણકારી યોજનાઓના અસરકારક અમલીકરણ પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં ઉપસ્થિત જિલ્લાના અગ્રણીઓએ એક મજબૂત અને પ્રગતિશીલ સમાજના નિર્માણ માટે એકસૂરે સક્રિય પ્રયાસો કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### સીવીએમ યુનિવર્સિટી સંચાલિત જીસેટ કોલેજ દ્વારા ભવ્ય એલ્યુમની સ્નેહ મિલન યોજાયું




**આણંદ |** સીવીએમ યુનિવર્સિટી સંચાલિત જીસેટ કોલેજ દ્વારા સ્નેહ મિલન યોજાયું હતું. જેમાં 200થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ ભીખુભાઈ પટેલની ગરિમામય ઉપસ્થિતિમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે વિશિષ્ટ પ્રતિભાઓનું સન્માન કરવામાં આવ્યું અને "Startup Saga" સત્ર દ્વારા યુવા પેઢીને નવીનતા અને નેતૃત્વ માટે પ્રેરિત કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન ઉદ્યોગ અને શિક્ષણ જગતના જોડાણને મજબૂત કરવા વિવિધ સંસ્થાઓ સાથે એમઓયુ કરવામાં આવ્યા, જે વિદ્યાર્થીઓ માટે ઇન્ટર્નશિપના નવા અવસરો સર્જશે. પ્રિન્સિપાલ ડો. કૌશિક નાથના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.

### આણંદ કૃષિ યુનિ.એ નેશનલ યુથ ફેસ્ટિવલમાં ત્રીજું સ્થાન મેળવી ગુજરાતનું ગૌરવ વધાર્યું



**આણંદ |** ચેન્નાઈમાં આયોજિત 39મા ઇન્ટર યુનિવર્સિટી નેશનલ યુથ ફેસ્ટિવલમાં આણંદ કૃષિ યુનિવર્સિટીની ૧૧ વિદ્યાર્થિનીઓની ટીમે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. દેશની 24 નામાંકિત યુનિવર્સિટીઓ સામેની સ્પર્ધામાં આ ટીમે ફોક ડાન્સ અને કલ્ચરલ પ્રોસેશનમાં રાષ્ટ્રીય સ્તરે ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યું છે. યુનિવર્સિટીના નિયામક ડો. દિનેશ એચ. પટેલે વિદ્યાર્થીઓની આ અનોખી સિદ્ધિ અને સમર્પણ બદલ તમામ સ્પર્ધકોને અભિનંદન પાઠવ્યાં હતાં. ટીમ મેનેજર ડો. ઉલ્પા પટેલના માર્ગદર્શન હેઠળ મેળવેલી આ સફળતાએ યુનિવર્સિટીનું નામ રોશન કર્યું છે.

### મહિસાગરના ગાંગટા પ્રાથમિક શાળાના શિક્ષકનો ભવ્ય વિદાય-સન્માન સમારંભ યોજાયો



**લુણાવાડા |** મહીસાગર જિલ્લાના ગાંગટા ખાતે લાંબી શૈક્ષણિક સેવા આપી વય નિવૃત્ત થતા શિક્ષક નારાયણભાઈ વણકરનો વિદાય સમારંભ ભવ્ય અને ઉત્સાહભર્યા વાતાવરણમાં યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયા અને પૂર્વ ધારાસભ્યો સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહી નારાયણભાઈની નિષ્ઠાપૂર્વકની સેવાઓને બિરદાવી હતી. મહાનુભાવોએ શિક્ષકના વિદ્યાર્થી ઘડતરના યોગદાનની પ્રશંસા કરી તેમને પુષ્પગુચ્છ અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માનિત કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના સ્ટાફ, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉપસ્થિત રહી શુભેચ્છાઓ પાઠવી હતી.